# શેરી નાટક અને સ્ત્રીઓ પર થતા અત્યાચાર મુદ્દે માનવ સાંકળ યોજાઈ






**વડોદરા |** કૃપા ફાઉન્ડેશન દ્વારા ન્યાય ચેરિટેબલ ટ્રસ્ટ તથા ફેકલ્ટી ઓફ લો ના વિદ્યાર્થીઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ જન જાગૃતિ અભિયાનમાં શેરી નાટક પોસ્ટર પ્રદર્શન સેન્ટ્રલ એસ.ટી.ડેપો ખાતે યોજાયું હતું. તેમજ 10 ડીસેમ્બરે માનવ અધિકાર દિવસ નિમિત્તે સ્ત્રીઓ પર થતા અત્યાચાર મુદ્દે કિશનવાડી ચાર રસ્તા ગધેડા માર્કેટ ખાતે સહિયર સ્ત્રી સંગઠન સંસ્થા દ્વારા માનવ અધિકાર પોસ્ટર પ્રદર્શન તથા મહિલાઓને લગતા પ્રશ્નો માટે માનવસાંકળ કરવામાં આવી હતી.

---



## વડોદરા

**૧૫૦ મહિલા અને બાળકીઓ દ્વારા પોસ્ટર પ્રદર્શન**

# દેશમાં શાંતિ અને સલામતી માટે હિંસાને હવે 'ના' કહો

વડોદરા, મંગળવાર

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો દ્વારા ૨૦૧૭માં બાળકીથી માંડીને ૩૨,૫૫૯ મહિલાઓ બળાત્કારનો ભોગ બની છે. જેમાં ૯૩ ટકા બળાત્કાર પરિચિતો દ્વારા કરાયા છે. ભારતમાં સ્ત્રીની સુરક્ષા કેટલી આ મુદ્દો વડોદરાની મહિલાઓ અને બાળકીઓએ ઉઠાવ્યો હતો.

## રાત હોય કે દિવસ છોકરી કે સ્ત્રીઓ સામે હિંસા હવે બિલકુલ ન થવી જોઈએ

માનવ અધિકાર દિન નિમિત્તે ગધેડા માર્કેટ ખાતે વિવિધ શાળાની વિદ્યાર્થિનીઓ સાથે ૧૫૦ મહિલાઓએ માનવ સાંકળ સાથે પોસ્ટર પ્રદર્શન કર્યું હતું. જેમાં તેઓએ કહ્યું કે, 'હિંસા' હિંસાને પ્રોત્સાહન આપે છે માટે દેશમાં શાંતિ અને સલામતી માટે તેમજ ન્યાયની રાહ જોવી ન પડે તે માટે હિંસાને ના કહો. સ્ત્રી સામે કોઈ હિંસા કરે તો નિડરતાની તેનો સામનો કરવો જોઈએ. વિદ્યાર્થિનીઓએ સૂત્રોચ્ચાર કરતા કહ્યું કે 'રાત હોય કે દિવસ છોકરીઓ કે સ્ત્રીઓ સામે હિંસા હવે બિલકુલ ન થવી જોઈએ.'



ભારતમાં સ્ત્રીની સુરક્ષા કેટલી? આ પ્રશ્ન સાથે ૧૫૦ મહિલાઓ અને વિદ્યાર્થિનીઓ દ્વારા ગધેડા માર્કેટ વિસ્તારમાં માનવ સાંકળ તેમજ પોસ્ટર પ્રદર્શન કર્યું હતું. સાથે વિદ્યાર્થિનીઓએ હિંસાનો સામનો નીડરતાથી કરો જેવા નારા લગાવ્યા હતા. (તસવીરઃ ચંદનગિરિ)

# રોડ પર ગંદકી કરી ડસ્ટબીન નહી રાખતા ૧૫૫૦૦નો દંડ

વડોદરા, મંગળવાર

દબાણ દૂર કરવા તેમજ રોડ પર ગંદકી

## લગ્ન કરવાની લાલચ આપીને

### સ્ત્રી હિંસા વિરોધી દિવસની ઉજવણીના ભાગરૂપે શેરી નાટકનું આયોજન

# સ્ત્રીઓ તારા જેવી છે, તેમની પર હિંસા માનવ અધિકારનો છડેચોક ભંગ છે

**WOMEN PLAY**

સિટી રિપોર્ટર . વડોદરા

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા સ્ત્રીઓનો અધિકાર એ માનવ અધિકાર છે અને સ્ત્રીઓ પરની હિંસા એ માનવ અધિકારનો ભંગ છે. એ વાતને પ્રકાશમાં લાવવા માટે 25 નવેમ્બરથી 10 ડિસેમ્બર દરમિયાન સ્ત્રી હિંસા વિરોધી દિવસોની ઉજવણીના ભાગરૂપે અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશની શરૂઆત 1991માં સેન્ટર ફોર વિમેન્સ ગ્લોબલ લીડરશીપ યુ.એસ.એ. દ્વારા કરવામાં આવી હતી. ત્યારથી દરવર્ષે દુનિયાભરની મહિલાઓ અને છોકરીઓ વિરુધ્ધ થતી હિંસાના નિવારણ માટે મહિલાઓ અને વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

જેમાં શહેરનાં એકતાનગર આજવા રોડ વિસ્તારમાં શેરી નાટક ભજવવામાં ... આ નાટકમાં 200 મહિલાઓ જોડાઈ હતી. જેમાં આ જ વિસ્તારની વિદ્યાર્થીનીઓ તુલસી, ભાવિશા, રહેમત, અને સુહાના દ્વારા છોકરીઓ સાથે થતા સામાજિક ભેદભાવ, છેડતી, બાળ લગ્નોને લગતી સમસ્યાઓનો સામનો કરી રહી છે. શેરી નાટક દ્વારા લોકોમાં જાગૃતિ આવે તેની પહેલ કરી છે. અને સહિયર તેમના આ પ્રયત્નને બિરદાવે છે.



સ્ત્રીનું મહત્વ સમજાવતું નાટક દર્શાવી રહેલ છોકરીઓ.

## છોકરીઓને ભણવા દેવામાં આવતી નથી

નાટકમાં 'બેટી હું મેં બેટી' ગીતમાં છોકરીઓને આકાશમાં ચમકતા તારા સાથે સરખાવી છે. રાત્રે આકાશમાં તારા જેમ ચમકે છે. તેમ આપણી આસપાસ પણ છોકરીઓ તારાની જેમ ચમકી શકે છે. અને આપણું નામ રોશન કરી શકે છે. તો પણ છોકરીઓને ઘરમાં પુરી રાખવામાં આવે છે. એમને ભણવા દેતા નથી. છોકરીઓને સાત વાગ્યા પછી બહાર કેમ જવા દેતા નથી. આવા અત્યાચાર છોકરીઓ પર જ કેમ થાય છે. છોકરાઓ પર કેમ થતા નથી. આવા પ્રશ્નોને લઈને નાટક રજૂ કરાયું હતું.

# જાતીય સતામણી સામે શરમ અને સંકોચ વિના અવાજ ઉઠાવવો જોઈએ

વડોદરા, સોમવાર

સ્ત્રીઓ પર થતી હિંસા માનવ અધિકારનો ભંગ છે. આ વાતને પ્રકાશમાં લાવવા ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસે. ૧૬ દિવસ 'સ્ત્રી હિંસા વિરોધ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. તેના ભાગરુપે રણછોડનગર ખાતે જાતીય સતામણીના મુદ્દા પર અવાજ ઉઠાવીને જાગૃતિ ફેલાવતી ફિલ્મનું આયોજન કરાયું હતું.

## સ્ત્રી હિંસા સામે પોસ્ટર પ્રદર્શન, ફિલ્મ, રેલી અને નાટક સહિતના વિવિધ કાર્યક્રમ યોજાશે

સ્ત્રી પર થતી હિંસા સામે અવાજ ઉઠાવવા સહિયર સ્ત્રી સંગઠન દ્વારા ૧૬ દિવસ જુદા-જુદા કાર્યક્રમનું આયોજન કરેલું છે. જેના પ્રથમ દિવસે ફિલ્મ બતાવ્યા બાદ સ્ત્રીઓએ કહ્યું કે, આ પ્રકારના કિસ્સાઓ દરરોજ આપણી આસપાસ બને છે. મોબાઈલ કે મેગેઝિનમાં કોઈપણ પ્રકારના અશ્લીલ ચિત્રો બતાવવા કે સ્ત્રીઓ સાથે દ્વિઅર્થી ભાષામાં વાત કરવી એ પણ જાતીય સતામણીનો જ એક ભાગ છે. આવા પ્રકારની હિંસા સામે શરમ અને સંકોચ વિના અવાજ ઉઠાવવો જોઈએ. ૧૬ દિવસીય કાર્યક્રમમાં પોસ્ટર પ્રદર્શન, રેલી, ફિલ્મ, નાટક વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્ત્રી સંગઠનની મહિલાએ કહ્યું કે, ૧૯૯૧માં પ્રથમવાર ૧૬ દિવસીય આ ઉજવણીની શરુઆત થઈ હતી.

દર વર્ષે ૨૫ નવેમ્બર 'સ્ત્રી વિરોધી હિંસા સામેના આંતરરાષ્ટ્રીય દિન' તરીકે ઉજવાય છે. કારણકે આ દિવસે કેરેબિયન દેશના ડોમેનીકન રીપબ્લિકના સરમુખત્યારી સામે અવાજ ઉઠાવનાર મીરાબેલ બહેનોની ક્રુરતાપૂર્વક હત્યા કરાઈ હતી. તેમજ ૧.ડિસે.૧૯૮૯માં કેનેડાના મોન્ટ્રીઅલમાં એક પુરુષે ૧૪ નારીવાદી વિદ્યાર્થિનીઓની એકસાથે હત્યા કરેલી આ બંનેની યાદમાં આ દિવસોની ઉજવણી થાય છે.

12
SANDESH
વડોદરાની આજ અને કાલ... સંદેશ
સંસ્કારી નગરી

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા 'મારી શોધ યાત્રા' વિશે તાલીમ કાર્યશાળાનું આયોજન કરાયું હતું

# બાળકોના અધિકાર અને જેન્ડરથી પરિચિત થયા બાદ શિક્ષકની ભૂમિકા સમજાવતી કાર્યશાળા યોજાઇ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓની શિક્ષિકાઓ અને આચાર્યોને માહિતગાર કરાયાં

શહેરમાં કાર્યરત સહિયર સ્ત્રી સંગઠન દ્વારા આજે 'મારી શોધ યાત્રા' તાલીમ અંતર્ગત ન. પ્રાથમિક શિક્ષણ સમિતિની ૭ શાળાના શિક્ષકો અને આચાર્યોને શિક્ષણ પદ્ધતિને લગતા વિવિધ મુદ્દા વિશે સ્ટોરી ટેલિંગ, પોસ્ટર્સ અને પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કરાયાં હતાં. સમાજમાં બાળકોની માનસિક અવસ્થાને સમજીને તેઓનો યોગ્ય ઉછેર કઈ રીતે કરી શકાય અને તેઓના ઉત્કૃષ્ઠ જીવન માટે આચાર્ય અને શિક્ષક તરીકે કઈ રીતે મદદરૂપ થઈ શકાય તેની માહિતી આપવામાં આવી હતી.

સહિયર સ્ત્રી સંગઠન સાથે જોડાયેલાં કમલબેને જણાવ્યું હતું કે, શાળાના અભ્યાસક્રમ ઉપરાંત બાળકો પોતાના કુટુંબ અને આસપાસના વાતાવરણને સમજી રોજ-બરોજ બનતી ઘટનાઓમાંથી કોઈ શીખ લે અને પોતાની મુશ્કેલીઓને વાચા આપતાં શીખે તે હેતુસર ધો.૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દાઓ વિશે માહિતગાર કરવા સપ્તાહમાં એકવાર ખાસ સેશનનું આયોજન કરવામાં આવે છે. આ સેશનમાં બાળકોના અધિકાર અને જેન્ડરથી પરિચિત થયા બાદ શિક્ષકની ભૂમિકા શું હોય છે અને તેમને પોતાની ભૂમિકા ભજવવામાં કયા પ્રકારના પડકારોનો સામનો કરવો પડે છે, તેની ચર્ચા કરવામાં આવી હતી. આ શાળાઓ એવી શાળાઓ છે, જેમાં સૌથી વધુ હાંસિયામાં રહેલા અને આર્થિક તેમજ સામાજિક રીતે વંચિત સમુદાયનાં બાળકો અભ્યાસ અર્થે આવે છે. આ બાળકો સાથે સંતુલન સાધવા માટે શિક્ષક પોતાની ફરજ કેવી રીતે બજાવી શકે તે વિશે ખાસ ચર્ચા કરવામાં આવી હતી.


સહિયર સ્ત્રી સંગઠન દ્વારા મારી શોધ યાત્રા અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાની શિક્ષિકાઓ અને આચાર્યો માટે તાલીમ કાર્યશાળા યોજાઈ.

## કાર્યશાળામાં સમાવાયેલા ખાસ મુદ્દાઓ

- ખાનગીકરણને વેગ આપવો નહી.
- સમાજ પરિવર્તનશીલ છે, બદલાવ આવી શકે છે, માટે સંગઠન મજબૂત અને સંઘર્ષશીલ બનાવવું જોઈએ.
- આપણા સમુદાયમાં સ્ત્રી-પુરુષ સિવાય થર્ડ જેન્ડર સમુદાયને પણ સ્વીકારવો જોઈએ.
- કુટુંબની વ્યાખ્યામાં બદલાવ લાવવો જોઈએ. સ્ત્રીઓ માટે ઘર અને ઘરની બહાર સુરક્ષિત વાતાવરણ ઊભું કરવું જોઈએ.
- સ્ત્રીની સ્થિતિ જ્યાં સારી તે સમુદાય મજબૂત. તે માનસિકતા કેળવવી જોઈએ.

---

દિવ્ય ભાસ્કર
08-Mar-2020
વડોદરા-સિટી ભાસ્કર Page 2

**સમાનતા** | સહિયર સ્ત્રી-સંગઠન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપલક્ષમાં સમાનતાનો સંદેશો આપતી સીડીનું વિમોચન

# આધુનિક સમયમાં સ્ત્રી માટે ગીત આશ્વાસન-સંઘર્ષનો અવાજ

**CITY TALK**
સિટી રિપોર્ટર . વડોદરા

સહિયર સ્ત્રી-સંગઠન દ્વારા 8માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અને સમાનતા અને નારી મુક્તિનો સંદેશો જાગૃતિ ગરબા ગીતોના સંકલનની સીડીનું વિમોચન નારીવાદી લેખિકા ડૉ.સરૂપબેન ધ્રુવ અને નારીવાદી અર્થશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડૉ.વિભૂતિ પટેલનાં હસ્તે કરાયું હતું. આખી દુનિયામાં શરુ થયેલ શ્રમજીવી સ્ત્રીઓના અધિકાર, સમાનતા, મતાધિકાર માટેની લડતને 1910માં જર્મનીના ક્લેરા ઝેટકિનએ 8 માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવાનો પ્રસ્તાવ મુક્યો ત્યારથી 8 માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવાની શરૂઆત થઇ જે આ વર્ષે 110માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

**મહિલાઓએ બાળકો સાથે મુક્ત મને ચર્ચા કરવી જોઇએ અને છોકરીઓને તેમના મત પ્રમાણે જીવવાની તક આપવી જોઇએ**


સહિયર સ્ત્રી-સંગઠન દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગીતોના સંકલન વિશે મહિલાઓએ માહિતી મેળવી.

## બહેનો ગીતો દ્વારા પોતાની લાગણીઓ ઉમેરીને પોતાના મતને તાકાત આપે છે

વક્તા ડૉ.સરૂપ ધ્રુવે જણાવ્યું કે, બહેનો જીવનના અલગ અલગ તબક્કે વિવિધ ગીતો ગાઈને પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. આ લાગણીઓ હકારાત્મક હોય કે નકારાત્મક હોય. આમ થવાનું કારણ એ છે કે આપણો પિતૃસત્તા સમાજ જીવનમાં સ્ત્રીઓને પોતાનો મત વ્યક્ત કરવાનો મોકો જ નથી આપતો. સ્ત્રીઓ ગીતો ગાઈને પોતાનો હક માંગે છે. ગીત તેમના માટે હથિયાર છે, આશ્વાસન છે, સંઘર્ષ નો અવાજ છે. આમ બહેનો ગીતો દ્વારા પોતાની લાગણીઓ ઉમેરીને પોતાના મતને તાકાત આપે છે.

## આજે નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી

વક્તા ડૉ. વિભૂતિ પટેલે કહ્યું હતું કે, પોતે રચેલા ગીત 'નાની દીકરી માને પૂછે', 'મુક્તિનો રંગ મને લાગ્યો' જેવા નારીવાદી ગરબા ગીતોનો ઈતિહાસ જણાવ્યો. બધી બહેનોને આર્થિક રીતે પગભર થવાની વાત કરી. નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી, અને માનવમુક્તિ વગર નારીમુક્તિ શક્ય નથી. મહિલાઓએ પોતાના બાળકો સાથે મુક્ત મને ચર્ચા કરવી જોઈએ. અને નાનપણથી જ છોકરીઓને તેમના મત પ્રમાણે જીવવાની તક મળવી જોઈએ.



## સહિયર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિને શાળાઓમાં નિબંધ લેખન અને જૂથચર્ચા યોજાશે

આગામી ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે શહેરની સહિયર સ્ત્રી સંગઠન દ્વારા વડોદરાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિબંધ લેખન અને જુથચર્ચાનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત આ વર્ષે યોજનાર સ્ત્રીઓ પરની હિંસા એ માનવ અધિકારનો ભંગ છે વિશે સોમવારે સરદાર ભવન ખાતે નિબંધ લેખન અને જૂથચર્ચા યોજાઈ હતી. જેમા શહેરની ૯ શાળાના ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા વિષયના નિષ્ણાંત વૈશાલી ઝરારિયા અને જહાઆરા રંગરેજ સાથે વિદ્યાર્થીઓની જુથચર્ચ યોજાઈ હતી. જેમા સ્ત્રી હિંસા, બળાત્કારની ઘટના, પિતાની મિલકતમા સમાન હક્ક, કુંવરબાઈનું મામેરુ, મંગળસૂત્ર યોજનાને બદલે દીકરીઓને શિક્ષણની યોજનાઓ અપાય વગેરે મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

Talk On Edu. System

સહિયર સ્ત્રી સંગઠને 'મારી શોધ યાત્રા' તાલીમ અંતર્ગત 7 શાળાના આચાર્ય-શિક્ષકોને માહિતી આપી

# સ્ત્રીઓ હવે બહાર નીકળી છે, પણ અંકુશો-બંધનો હજુ એટલા જ છે



સહિયર દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકો-આચાર્યો હાજર રહ્યા હતા.

સિટી રિપોર્ટર | વડોદરા

સરકારી શાળાઓના શિક્ષણનું માળખું બદલાવું જોઈએ. આ બદલાવ લાવવા માટે આપણે પોતાના બાળકોને સરકારી શાળામાં ભણવા માટે મુકવા પડશે. તેમજ મુખ્ય મુદ્દાઓ જેવા કે ખાનગીકરણને વેગ આપવો નહિ. સમાજ પરિવર્તનશીલ છે, બદલાવ ચોક્કસ આવી શકે છે. આપણા સમુદાયમાં સ્ત્રી-પુરુષ સિવાય થર્ડ જેન્ડર સમુદાયને સ્વીકારવા જોઈએ. તેમજ હાલની સમાજ વ્યવસ્થા પ્રમાણે સ્ત્રીઓ બહાર નીકળી છે પણ બંધનો અને અંકુશો હજી પણ એટલા જ છે. એટલે સ્ત્રીઓ હજી પણ અસલામતી અનુભવી રહી છે. ઘર કે બહાર સુરક્ષિત વાતાવરણ ઉભું કરી શક્યા નથી. તેમ સહિયર સ્ત્રી સંગઠન દ્વારા 'મારી શોધ યાત્રા' તાલીમ અંતર્ગત આખા વર્ષ દરમિયાન ધો. 6, 7 અને 8ના વિદ્યાર્થીઓ સાથે લેવાતા સેશન અંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકો અને આચાર્યને માહિતગાર કરવા કાર્યક્રમના આયોજનમાં સ્ત્રી સંગઠન સહિયર દ્વારા જણાવાયું હતું. શાળાના અભ્યાસક્રમ ઉપરાંત બાળકો પોતાના કુટુંબ અને આસપાસના વાતાવરણને સમજી પોતાના તથા વિસ્તારના પ્રશ્નોને વાચા આપતા શીખે એ આશયથી વિદ્યાર્થીઓ સાથે તાલીમ આખું વર્ષ અઠવાડિયે એક વખત લેવામાં આવે છે.

## મારી શોધ યાત્રા કાર્યક્રમથી બાળકોનાં પરિણામમાં સુધારો જોવા મળ્યો હતો

મારી શોધ યાત્રા કાર્યક્રમ થકી શાળાનાં વિદ્યાર્થીઓ વાર્તા, નાટક અને અન્ય વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ મેળવે છે. જેના દ્વારા આ બાળકોમાં વર્તનમાં ખૂબ જ હકારાત્મ પરિવર્તન જોવા મળે છે. વાલીઓ દ્વારા પણ શાળાને સારો પ્રતિભાવ મળ્યો છે. બાળકોમાં સંસ્કારનાં સિંચનની સાથે -સાથે સમાજોપયોગિતાના કાર્યો કરવાની પ્રેરણા મળે છે. શાળાનાં શિક્ષકોને પણ તેમનાં અધ્યાપન કાર્ય દરમિયાન બાળકોમાં આવેલા હકારાત્મક પરિવર્તનનાં કારણે સહકાર મળ્યો છે. તથા બાળકોનાં પરિણામમાં સુધારો પણ જોવા મળ્યો છે. સહિયર સ્ત્રી સંગઠન દ્વારા આવરી લેવામાં આવેલા વિષયો બાળકોનાં જીવન માટે ઉપયોગી નીવડ્યા હતાં.

## બાળકોના અધિકારો અને જેન્ડરથી પરિચિત કરાવાયા

બાળકોના અધિકાર અને જેન્ડરથી પરિચિત થયા બાદ શાળાના શિક્ષકની ભૂમિકા શું હોય છે અને પોતાની આ ભૂમિકા ભજવવામાં કેવા પ્રકારના પડકારોનો સામનો કરવો પડે છે તેવી વિવિધ બાબતોની ચર્ચા આ સેશન દરમિયાન કરવામાં આવી હતી. આ શાળાઓ એવી શાળાઓ છે જેમાં સૌથી વધુ આર્થિક-સામાજિક રીતે વંચિત સમુદાયના બાળકો ભણવા માટે આવે છે. આ બાળકો સાથે સંતુલન સાધવા માટે શિક્ષક પોતાની ફરજ કેવી રીતે બજાવી શકે તે અંગે પણ યોજાએલા સેશનમાં ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે શિક્ષકોએ બાળકો સાથે કેવું વર્તન કરવું, બાળકોને કેવીરીતે સમજાવવા અને બાળકોને ભણતર પણ કેવી રીતે આપવું તેવી બાબતો જણાવવામાં આવી હતી.

## ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે તેમના જીવન અને કાર્યો પર ટોકનું આયોજન કરાયું હતું

### આધુનિક ભારતને ઘડવામાં ઈતિહાસના સંઘર્ષોમાંથી શીખવું

**Social Talk**

સિટી રિપોર્ટર | વડોદરા

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા 14 એપ્રિલ ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતીના પરિપ્રેક્ષ્યમાં ડો. બાબાસાહેબના જીવન અને કાર્ય પર એક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 35 જેટલા સહભાગીઓ વચ્ચે શરૂઆતમાં નવસર્જન ટ્રસ્ટના પ્રવિણભાઈ, વિનયભાઈ અને મૂળજીભાઈ દ્વારા તેમના જીવન, અભ્યાસ, અને સ્વતંત્ર ભારત થયા પછી કાયદામંત્રી તરીકેની ભૂમિકાની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સહિયર સ્ત્રી સંગઠનના દિપાલીબેન દ્વારા નારીમુક્તિ આંદોલનના મુદ્દા અને બાબાસાહેબના વિચારો અને યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આજે પણ કેવી રીતે ભારત જ્ઞાતિ અને સ્ત્રી-પુરુષનાં ભેદભાવમાં અટવાયેલું છે. તેની ચર્ચા રસપ્રદ રહી હતી. આધુનિક ભારતને ઘડવામાં ઈતિહાસના સંઘર્ષોમાંથી શીખવાનું ચૂકી ન જવાય તે આપણી સંઘર્ષશીલ લોકોની જવાબદારી છે આમ, બાબાસાહેબના સૂત્ર 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો' સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# 1930માં આંબેડકરે ભારતના અછૂતોના રાજકીય અને સામાજિક હકો માટે લડત આપી

**'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો' બાબાસાહેબનાં સૂત્ર હતાં**



સહિયર સ્ત્રી સંગઠન દ્વારા ડો. બાબાસાહેબના જીવન પર ચર્ચા સત્રનું આયોજન કરાયું હતું.

### બાબા સાહેબ ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રના જ્ઞાની હતા

નવસર્જન ટ્રસ્ટના પ્રવિણભાઈ રોહિતે તેમના જીવન અને કાર્યો વિશે જણાવ્યું હતું કે, ભીમરાવ આંબેડકરનો જન્મ 14 એપ્રિલ 1891 એ કાયદાશાસ્ત્રી રાજનેતા તત્વ ચેતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી અને અનેક વિષયનાં જ્ઞાની હતાં. તેઓ ડો. બાબાસાહેબ હુલામણાં નામથી પણ જાણીતા હતાં. અભ્યાસ દરમિયાન આંબેડકરને દફતર સાથે કોથળો લાવવાનો અને દરવાજા પાસે બેસીને ભણવાનું રહેતું હતું. તેમજ શાળામાં પટાવાળો પાણી રેડે તોજ પાણી પીવાનું અને માટલાને અડવાનું નહિ. જો પટાવાળો હાજર ન હોય તો ઘરે જઈને પાણી પિને પરત આવવાનું રહેતું હતું.

### જાતિ આધારિત વ્યવસાયો માટે આંબેડકરનો વિરોધ હતો

વડોદરાના મહારાજાએ ભીમરાવની નિમણૂક રાજ્યના લશ્કરના એક અધિકારી તરીકે કરી હતી. 6 ડિસેમ્બર 1930માં ભારતના વાઈસરોય તરફથી ગોળમેજી પરિષદમાં આંબેડકર હાજર રહી ભારતના અછૂતોના રાજકીય અને સામાજિક હકો માટે બ્રિટિશ સરકાર પાસે ભાગેદારી માંગી હતી. તેમજ તેમણે ભારતની વર્ણવ્યવસ્થાના નામે ઓળખાતી સામાજિક ભેદભાવની પરંપરા વિરુધ ઝુંબેશ ચલાવી હતી. તેમજ અસ્પૃશ્યતાને પણ નાબૂદ કરી હતી. આંબેડકરનો સિધ્ધાંત છે કે જાતિનું વિભાજન, શ્રમનું વિભાજન નથી પરંતુ તે શ્રમિકોનું વિભાજન છે. તેથી નિમ્ન જાતિઓ પર કેટલાક વ્યવસાયો લાદવામાં આવ્યા અને કેટલીક જાતિઓએ પોતાના જીવન નિર્વાહ માટે કેટલાંક વ્યવસાયો અપનાવ્યા. નીચલી જાતિઓના વંશના વ્યવસાયો પ્રતિષ્ઠાહિન છે, તેથી જાતિ પર આધારિત વ્યવસાયો માટે આંબેડકરે વિરોધ કર્યો.



# 'ઔરત ઉઠી નહિ તો જુલ્મ બઢતા જાયેગા'ના સૂત્ર સાથે મહિલા જાગૃતિ




સહિયર સ્ત્રી સંગઠન અને શહેરના વિવિધ સંગઠનો દ્વારા સ્ત્રીઓમાં પોતાના મતના યોગ્ય ઉપયોગ માટે જાગૃતિ આવે એ માટે પોસ્ટર્સ પ્રદર્શન અને માનવ સાકળનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ 2019ની ચુંટણીના અનુસંધાનમાં સમગ્ર ભારતમાં મહિલાઓ દ્વારા પોતાના પ્રશ્નો, અધિકારો, માંગણીઓ માટે ૪ એપ્રિલના રોજ એકત્રિત થઈને પોતાના વિસ્તારોમાં પોસ્ટર-પ્રદર્શન અને દેખાવો કરવામાં આવ્યા હતા. જેમાં મહિલાઓએ 'ઔરત ઉઠી નહિ તો જુલ્મ બઢતા જાયેગા', બહેનો જો ઉઠશે નહિ તો અત્યાચાર વધતા જશે, સંગઠનની બહેનો કરે પોકાર, ચૂંટણી છે, કરીએ

## વુમન્સ ડે નિમિતે ઘર આંગણાની વિરાંગનાઓનું સન્માન કરાયું

# ગોધરાકાંડમાં ઘર સળગ્યું છતાં માતાએ હિંમત હાર્યા વગર દીકરીને ડોક્ટર બનાવી

વડોદરા, શુક્રવાર

શહેરના બરાનપુરા વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય સજિદાબેનના ઘરને ૨૦૦૨માં થયેલા ગોધરાકાંડમાં સળગાવી દેવાયું હતું. બે દિવસ સુધી તેઓ ખાધા-પીધા વગર ૧૩ વર્ષની છોકરી સાથે ઘર માટે ભટકતા રહ્યા હતા. તમામ સંઘર્ષને તેઓએ હસતા મુખે સહન કરીને ડોક્ટર બનવાના દીકરીના સ્વપ્નને પૂરુ કર્યું છે.

# ૧૯૧૦માં વિશ્વમાં શરુ થયેલી શ્રમજીવી મહિલાઓના અધિકારની લડતનો ૧૦૯માં વર્ષમાં પ્રવેશ

૮ માર્ચ, વુમન્સ ડે નિમિત્તે સહિયર સ્ત્રી સંગઠન દ્વારા શહેરના ગરીબ વિસ્તારમાં રહેતી અને તમામ સંઘર્ષ સહન કરીને પોતાના બાળકોને ઉંચાઈ પર લાવનાર ૧૪ ઘર આંગણાની વિરાંગનાઓનું સન્માન કરાયું હતું. જેમાં સજિદાબેને પત્રકાર સાથેની વાતચીતમાં જણાવ્યુ કે, ૨૦૦૨ના ગોધરાકાંડમાં અમારુ મકાન બાળી નાખતા અમે રિલિફ કેમ્પમાં રથી ૩ મહિના રહ્યા હતા, જો કે હું મારા મકાનમાં પાછી ફરતા



લોકોએ મને મારી નાખવાની પણ ધમકી આપી હતી, ઘણીવાર ૨૦૦થી વધારે લોકોના ટોળા મને ઘેરી લેતા હતા તેમ છતાં હિંમત હાર્યા વગર હું લડતી રહી. મારી દીકરીને ડોક્ટર બનવું હતુ અને અમારી આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે ૧૪ વર્ષ સુધી સવારે લોકોના ઘરે રસોઈ બનાવતી અને સાંજે સિલાઈકામ કરતી હતી. આવી રીતે પૈસા એકઠા કરીને દીકરીને ભણાવી અને કેનેડા વધુ અભ્યાસ કરવ મોકલી હતી. હાલમાં જ તેને કેનેડાન યુનિવર્સિટી તરફથી ફિઝિયોથેરાપીમ ગોલ્ડમેડલ મળ્યો છે. ૧૯૧૦માં સમગ્ર વિશ્વમાં શ્રમજીવી સ્ત્રીઓના અધિકાર ન્યાય, શાંતિ, સમાનતા અને મતાધિકાર માટેની લડત ૧૦૯માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ લડતનો ઈતિહાસ ઘડનારી સ્ત્રીઓ કોઈ સામ્રાજ્યની મહારાણી કે ઉચ્ચ ઘરની સ્ત્રીઓ નહોતી પરંતુ પોતાનું અને પોતાના બાળકનું જીવન ટકાવી રાખવા મથતી, ન્યાયી સમાજ માટે સંઘર્ષ કરતી સામાન્ય સ્ત્રીઓ હતી. સ્ત્રી સંગઠનની એક મહિલાએ કહ્યું કે, આજે સૌંદર્ય પ્રસાધન કંપની તેમજ અન્ય વ્યાપાર કંપનીઓએ મહિલાઓને પોતાના માલ વેંચવાનું સાધન બનાવી દીધી છે.

# સવારે ઘરકામ અને સાંજે શાકભાજી વેંચી દીકરીને ભણાવી



ગધેડામાર્કેટમાં આજે પણ શાકભાજી વેંચીને પોતાનું ગુજરાન ચલાવી રહેલા ૩૮ વર્ષીય જયશ્રીબેને જણાવ્યું કે, મારી દીકરી ત્રીજા ધોરણમાં ભણતી ત્યારે મારા પતિનું અવસાન થયું હતું. મારા પતિ સવાર-સાંજ શાકભાજીની લારી ચલાવતા હતા. પરંતુ તેમના મૃત્યુ બાદ મેં એ લારી ચલાવાનું શરુ કર્યું જો કે આ બાબતે મને સમાજ તરફથી મ્હેણા ટોણા પણ સાંભળવા પડ્યા હતા. પરંતુ દીકરીને ભણાવવા માટે સવારે લોકોના ઘરકામ અને સાંજે શાક વેંચતી હતી. મારી દીકરીએ એમ. એસ. યુનિ. માંથી ઉચ્ચ અભ્યાસ કર્યો અને હાલ તે બેંકમાં નોકરી કરી રહી છે.

---

## સહિયર સ્ત્રી-સંગઠન દ્વારા ૫ દિવસીય સમર કેમ્પનું આયોજન કરાયું

# વિદ્યાર્થિનીઓને આર્ટ એન્ડ ક્રાફ્ટ, મીમ મેકિંગ, પોસ્ટર-સ્લોગન સહિતની પ્રવૃત્તિઓ કરાવાઈ

**સંદેશ**

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા તાજેતરમાં જ સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલી કિશોરીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સમક કેમ્પમાં જાગૃતિ ગીતો, શેરી નાટક, ગરબા, આર્ટ એન્ડ ક્રાફ્ટ, મીમ્સ મેકિંગ, પોસ્ટર અને સ્લોગન મેકિંગ સહિતની પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

પોતાના અનુભવો વિશે કિશોરીઓએ કહ્યું હતું કે, કેમ્પ દરમિયાન અમને નવી બહેનપણીઓ સાથે પોતાના વિચારો દર્શાવવાની તક મળી હતી. તે સિવાય અમને આર્ટ એન્ડ ક્રાફ્ટમાં પેપર બેગ, એન્વેલપ અને ડાયરી બનાવતાં શીખવવામાં આવ્યું હતું. ઉપરાંત અમને કારકિર્દી અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હજુ પણ સમાજમાં એવાં ઘણાં લોકો છે, જે પોતાની દીકરીઓના નાની ઉમંરે લગ્ન કરી દે છે. તેથી તેમને આગળ ભણવાની તક મળતી નથી. તેવાં વિષય પર કિશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, વિદ્યાર્થીનિઓએ સ્લોગન અને પોસ્ટર મેકિંગમાં સ્ત્રી સશક્તિકરણને લગતાં વિવિધ વિષયો આવરી લઈ પોતાના વિચારો કલાના માધ્યમથી રજૂ કર્યાં હતા.



સમરકેમ્પમાં વિદ્યાર્થીઓને આર્ટ એન્ડ ક્રાફટમાં પેપર બેગ, એન્વેલપ અને ડાયરી જેવી અનેકવિધ વસ્તુઓ બનાવતાં શીખવવામાં આવ્યું હતું

## વુમન્સ ડે નિમિત્તે ''સહિયર'' ના કાર્યક્રમમાં અનુભવો વર્ણવતા

# ઘરઆંગણાની વિરાંગનાઓ : બે સીંગલ મધરની સંઘર્ષગાથા : એક જયશ્રી, બીજી ફરઝાના

**પતિના અવસાન બાદ**

**શાકભાજીનો વ્યવસાય કરી જયશ્રીબેને દિકરીને ગ્રેજયુએટ બનાવી : ફરઝાના બાનુએ હૃદય પર પથ્થર મુકી દિકરીને સાસરીમાં મુકી**





જયશ્રીબેન



ફરઝાનાબાનુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

તા. ૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી કરાઈ શહેરના મહિલા સંગઠન ''સહિયર'' દ્વારા આજના દિવસને ''ઘર આંગણાની વિરાંગનાઓ'' શિર્ષક હેઠળ અનોખી રીતે ઉજવાયો હતો.

દરેક સ્ત્રી રોજબરોજની પોતાની જીંદગીમાં સંઘર્ષ અને લડતર પડકારે છે અને આગળ વધે છે. આવી કેટલીક મહિલાઓ સહિયરના સંપર્કમાં આવી અને પોતાના વ્યકિતગત સંઘર્ષ અને લડતની કહાની વર્ણવી હતી.

જે અન્ય સ્ત્રીઓને તેઓની જીંદગીમાં આગળ વધવા માટે પ્રેરણારૂપ બની રહેશે.

આજના દિવસે મોટાભાગે સમાજની સફળ મહિલાઓની જીવનગાથા કહેવામાં આવતી હોય છે. પરંતુ સમાજના નીચલા વર્ગમાં સંઘર્ષ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી મહિલાઓની ગાથા ભાગ્યેજ સાંભળવા મળે છે.

આવી જ બે મહિલાઓ એટલે શહેરના આજવા રોડ અને કિશનવાડી વિસ્તારમાં રહેતા જયશ્રીબેન અને ફરઝાના બાનુ.

જયશ્રીબેન અને ફરઝાના બાનુ બંને સીંગલ મધર છે અને બંનેએ પોતાની દિકરીઓને ભણાવી ગણાવી સમાજમાં પોતાનું આગવુ સ્થાન બનાવે તેવા સ્વપ્ન સેવ્યા છે.

જયશ્રીબેન પતિના અવસાન બાદ રીતસર પડી ભાંગ્યા હતા. માત્ર ત્રણ ચોપડી ભણેલા જયશ્રીબેનના માથે પરિવારની જવાબદારી આવી પડી હતી અને તેઓ જે સમાજમાંથી આવતા હતા ત્યાં મહિલાઓને કામ અર્થે બહારમોકલાવા સામે વડીલો પરવાનગી આપતા ન હતા. છતાં તેઓએ મનમાં ગાંઠ વાળી જે દુઃખ તેઓએ સહન કર્યું છે તે તેઓની દિકરી કયારેય નહીં સહન કરે તેથી જ તેઓએ જાતે મહેનત કરવાનું નક્કી કર્યું અને કિશનવાડી ગધેડા માર્કેટ ખાતે શાકભાજીના વેચાણનો વ્યવસાય અપનાવ્યો.

પેટે પાટા બાંધી તેઓએ દિકરીને ભણાવી અને ગ્રેજયુએશન પણ કરાવ્યું આજે જયશ્રીબેનની દિકરી બેંકમા સારી જોબ કરે છે અને તેને જોઈ માતા જયશ્રીબેન ગદ ગદ થઈ જાય છે.આવી જ કહાની ફરઝાનાબાનુની છે ફરઝાનાબાનુ સુરત મુસ્લીમ પરીવારમાંથી આવે છે તેમનો પણ ભરજુવાનીમાં પતિ ગુમાવતા માસુમ પુત્રીના નિર્વાહની જવાબદારી તેમના માથે આવી પડી. આજવા રોડ એકતાનગર ખાતે રહેતા ફરઝાનાબાનુ માત્ર ધોરણ સાત સુધી અભ્યાસ કર્યો હોવાની નોકરી મળતી ન હતી કે મહેનતનુ કામ પણ તેઓ કરી શકતા નથી પરંતુ ધો. ૮મા અભ્યાસ કરતી તેઓની દિકરીના ઉજવળ ભવિષ્ય માટે તેઓએ હૃદય પર પથ્થર મુકી દીકરીને તેમની સાસરીમાં મુકવી પડી અને તેઓ હાલ પિયરમાં માતા પિતા સાથે રહે છે.



# ઈતિહાસ રચનાર સ્ત્રીઓ સમાજની સામાન્યમાંની જ છે

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા મહિલા દિનનો ઈતિહાસ જણાવતા કહેવાયું હતું કે, ઈતિહાસ ઘડનાર સામ્રાજ્યની મહારાણી ન હતી. આપણામાંની, પોતાનું અને બાળકોનું જીવન ટકાવવા મથતી, સંઘર્ષ કરતી સામાન્ય સ્ત્રીઓ છે.

## બાળકો અને સ્ત્રીઓના જાતીય શોષણ વિષય પર કાર્યશાળાનું આયોજન

# 'આજકાલના વાલીઓ બાળકો માંગે તે પહેલા બધુ પીરસી દે છે'

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

આધુનિક મા-બાપ બાળકોને ઉત્તમ વસ્તુઓ પીરસવાની કોશિશ કરી રહ્યા છે.માંગે તે પહેલા વસ્તુઓ હાજર કરી દે છે. તેઓ બાળકોને ભૌતિક સુખ સુવિધાની રેસમાં રોક-ટોક કર્યા વગર ઉતારી દે છે અને જ્યારે બાળક ખોટા રસ્તો પકડી લે ત્યારે કહે છે હવે બાળક અમારા હાથમાં રહ્યું નથી.એટલે મા-બાપે બાળકોને પચે એટલું જ પીરસવું જોઈએ.

## બાળક જ્યારે ટીવી જુએ ત્યારે તેમાંથી શું શીખ્યો તે પૂછવું જોઈએ જેથી તેની માનસિકતાની પરખ થઈ શકે

'બાળકો અને સ્ત્રીઓનું શોષણ - આજના સમાજનો વિકરાળ ચહેરો' વિષય અંતર્ગત યોજાયેલ કાર્યશાળામાં આ સમસ્યાના ઉકેલ માટે કેવા પગલા લેવા જોઈએ તેના પર ચર્ચા કરાઈ હતી. સહિયર સંગઠન દ્વારા આયોજિત કાર્યશાળામાં શહેરની ૧૪ શાળાના ૨૯ શિક્ષકો અને પ્રિન્સિપાલે ભાગ લીધો હતો. વાતચીત દરમિયાન ચાઈલ્ડ લાઈનના શહેર સંયોજક શમાબેન ઉપાધ્યાયે કહ્યું કે, 'બાળકો તાજ્યા' ી નથી કરતા તેની પાછળ ટીવી, સોશિયલ મિડિયા અને મિત્ર વર્તુળ જવાબદાર છે. બાળકો ટીવીમાં શું જોઈ રહ્યા છે તેનું ધ્યાન વાલીઓએ રાખવું જરૂરી છે. બાળક જ્યારે ટીવી જુએ ત્યારે તેની બાજુમાં બેસીને તેમાંથી શું શીખ્યો તે પૂછવું જોઈએ જેનાથી બાળકની માનસિકતાની પરખ થઈ શકે. આ સિવાય બાળકો ખોટું કઈ કરી રહ્યાં હોય તો તેને ભવિષ્યમાં બનારા ખરાબ પરિણામ વિશે અવગત કરો જેથી તે એ કાર્ય કરતા અટકી જશે. વાલીઓએ ક્યારેય બીજા બાળકો સાથે પોતાના બાળકોની સરખામણી કરવી ન જોઈએ. પ્રેમાળ શબ્દોથી બાળકો સાથે વાતચીત કરશો તો તેના પર જરૂર અસર દેખાશે.'

### સહિયર દ્વારા દર્શાવેલ આંકડા મુજબ ભારતમાં દર

- ૨૬ મિનિટે એક સ્ત્રીની છેડતી
- ૩૪ મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર
- ૪૨ મિનિટે એક સ્ત્રી પર જાતીય સતામણી
- ૪૩ મિનિટે સ્ત્રીનું અપહરણ
- ૯૩ મિનિટે એક સ્ત્રીની હત્યા થાય છે

### 'સોટી વાગે ચમ ચમ' આ પરંપરા ખોટી છે

'રઘુકુળ રીત સદા ચલી આઈ તેના જેવી આ વાત છે કે આજે પણ મોટાભાગની શાળાના શિક્ષક એવું માને છે કે 'સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ' પરંતુ કોઈપણ શિક્ષકને બાળક પર હાથ ઉઠાવવાનો અધિકાર નથી. અત્યારના બાળકો ખોટુ બોલે, વર્તન ખરાબ કરે એ હકીકત છે પરંતુ શિક્ષકે ગુસ્સો કર્યા વગર તમામ પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા હોવી જોઈએ.' તેમ એમ.એસ.યુનિ.ના પોલિટેકનીક વિભાગના પ્રો.દિપાલીનું કહેવું છે.

### ૯૦ ટકા સ્ત્રીઓ જાતીય સતામણી સહન કરી રહી છે

સહિયર સ્ત્રી સંગઠનના સભ્યે કહ્યું કે,'જાતીય સતામણીના ફક્ત ૧૦ટકા જ કેસ બહાર આવી રહ્યા છે. બાકીની ૯૦ ટકા સ્ત્રીઓ સહન કરી રહી છે. જેનું મુખ્ય કારણ કાયદા સુધી પહોંચવાનું ગુંચવણભર્યું માળખુ છે. દરેક પ્રક્રિયામાં એટલો સમય લાગે છે કે તેઓ ફરિયાદ કરવાનું જ ટાળે છે. કોર્પોરેટ વર્લ્ડમાં સૌથી વધારે સ્ત્રીઓનું જાતીય શોષણ સહકર્મી અથવા બોસ દ્વારા દ્વિઅર્થી શબ્દો બોલીને, પ્રમોશનના પ્રલોભન તેમજ નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપીને કરાય છે. આપણા સમાજમાં આરોપીને ગુનેગાર નહી પરંતુ નિર્દોષને ગુનેગાર ગણીએ છીએ.'

## બિઝનેસ ન્યૂઝ

### જીએસીએલના પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડનું પ્રથમ ડિસ્પેચ વડોદરાથી થયું

વડોદરા, શુક્રવાર

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડે એના વર્તમાન પ્રોડક્ટ લાઈનને વિસ્તારિત કરવા માટે હાથ ધરેલા વિવિધ પ્રોજેક્ટના ભાગરૂપે નવા પોલીસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ પ્લાન્ટના ઉત્પાદનને પ્રથમવાર ડિસ્પેચ કર્યું છે. કંપની વૈશ્વિક ગુણવત્તાના માપદંડોનો કડકપણે અમલ કરી ગુણવત્તાયુક્ત કેમિકલ્સનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડક્ટનો ઉપયોગ પેપર એન્ડ પલ્પ, સાબુ અને ડિટર્જન્ટ, ટેક્સટાઈલ, પેઈન્ટ, ફાર્માસ્યુટિકલ્સ, ફર્ટિલાઈઝર્સ, પેસ્ટીસાઈડ્સ, મેટલ, રબર અને એવા અનેક

## એલેમ્બિક વિદ્યાલયના

(છેલ્લા પાનું ચાલુ)

બોલાવી મારી સાથે ક્લાસરૂમમાં છેડછાડ અડપલા કરતો હતો જેથી મે તેને અવારનવાર આ બાબતે ના પાડી હતી તેમ છતાં તે કોઈનેકોઈ બહાને મારી સાથે એકલા મળવાનો આગ્રહ રાખી પ્રેમસંબંધ બાંધવા માટે કાયમ દબાણ કરતો હતો અને મોબાઈલ પર મેસેજ મોકલીને મારી સાથે પ્રેમસંબંધ બાંધવા મજબુર કરતો હતો. જો મારી સાથે પ્રેમસંબંધ નહી રાખે તો હું તને બદનામ કરી નાખીશ તેવી ધમકી આપતો હતો.

ત્યારબાદ છેલ્લા ત્રણ માસ દરમિયાન મને ટ્યુશન ક્લાસમાં જવાના બહાને મને તેની કાર એસ્ટીમ ગાડીમાં અમદાવાદ તથા પાદરા હોટેલોમાં તથા અન્ય જગ્યાએ લઈ જઈ મારી સાથે જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો હતો અને આ બાબતે કોઈને જાણ કરીશ તો તને તથા તારા પરિવારને જાનથી મારી નાખીશ તથા બદનામ કરી નાખીશ તેવી ધમકી આપી હતી.

આ બનાવની ફરિયાદ નોંધાતા જ માંજલપુર પોલીસે તુરંત તપાસ શરૂ કરી બળાત્કારી શિક્ષકની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે બળાત્કારી શિક્ષક વિનુ કાતરીયા ગોરવા વિસ્તારની એલેમ્બિક વિદ્યાલયમાં ફરજ બજાવે છે અને ત્યાં પણ બાયોલોજીનો વિષય ભણાવે છે. આ બનાવના પગલે શહેરના શૈક્ષણિક તંત્રે ખળભળાટ મચી ગયો છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને

# દ્વિઅર્થી શબ્દો અને બિનજરૂરી સ્પર્શના ઉપયોગથી જ શરૂ થાય છે જાતીય સતામણી

# 90% મહિલાઓ ફરિયાદ ટાળે છે

## સહિયરે 21 શિક્ષકોને મહિલા-બાળકોના શોષણનો કાયદો જણાવ્યો



હોટલ યુવરાજ ખાતે સ્ત્રી સંગઠન સહિયર દ્વારા શિક્ષકોને તેમના અને બાળકોના કાયદાની સમજ આપવામાં આવી.

**Sexual Harassment**

સિટી રિપોર્ટર | વડોદરા

કામના સ્થળે સ્ત્રીઓ સાથે દ્વિઅર્થી શબ્દો, બિનજરૂરી સ્પર્શ, ખોટી રીતે રાત સુધી કામ કરાવવા જેવી તમામ બાબતોનો સમાવેશ જાતીય સતામણીના કાયદામાં કરવામાં આવ્યો છે. પરંતુ નોકરી ગુમાવવાના ડરને કારણે 90 ટકા મહિલાઓ ફરિયાદ કરવાનું ટાળે છે. આ કાયદામાં સુપ્રીમ કોર્ટે પ્રત્યેક કામ કરવાના સ્થળ કે અન્ય સંસ્થાઓમાં સ્ત્રી કર્મચારીઓની જાતીય સતામણી ન થાય તેવા પગલાં ભરવાની, તેના નિવારણ માટે માળખું ઉભું કરવાની જવાબદારી માલિકો તથા સંચાલકોને આપી છે. કેસમાં ફરિયાદી સ્ત્રીને યોગ્ય ન્યાય મળે, ફરિયાદની સુનાવણી સંવેદનશીલ રીતે થાય તે હેતુથી ફરિયાદનો નિકાલ કરવા દરેક કામના સ્થળે એક 'જાતીય સતામણી વિરોધી સમિતિ'ની રચના કરવાની જવાબદારી પણ માલિક કે સંચાલકોની હોય છે. સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ સમિતિનું કામ કામના સ્થળે સ્ત્રીઓ માટે સકારાત્મક વાતાવરણ ઉભું થાય તે પણ છે. જો કે, હજુ મોટાભાગની ઓફિસોમાં સમિતિની રચના થઇ નથી. તેમ રીટા ચોક્સીએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં બાળશોષણના 1416 કેસ નોંધાયા

ભારત સરકાર દ્વારા 2012માં બાળકો સાથે થતી જાતીય સતામણીને અટકાવા 'જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ 2012' અમલમાં લવાયો હતો. તાજેતરમાં NCRBના રિપોર્ટને આધારે આ કાયદા હેઠળ ગુજરાતમાં 1416 કેસો નોંધાયા છે, જે બનાવો નોંધાયા નથી તેની ગણતરીને ધ્યાનમાં લઈએ તો આ આંકડો ચોક્કસ વધી શકે તેમ છે. બાળકો સામે થતી આવા હિંસાને ડામવાની જાગૃતિ આવે તે માટે ખાસ ખાનગી અને સરકારી શાળાના શિક્ષકો માટે તાલીમનું આયોજન સહિયર સ્ત્રી સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું. યુવરાજ હોટેલ ખાતે તાલીમમાં આ માહિતી શહેરની 16 શાળાના 21 શિક્ષકોને ચાઇલ્ડ લાઇનના સિટી કોર્ડિનેટર ક્ષમા ઉપાધ્યાયે આપી હતી.

## આ મુદ્દા અમલમાં આવવા જરૂરી છે

- આ કાયદાની કલમ-19 પ્રમાણે દરેક કામના સ્થળે જાતીય સતામણી કમિટી બનાવવાની જવાબદારી માલિકો, વહિવટદારોને તેમજ સરકારને આપવામાં આવી છે.
- જાતિય સતામણીના બનાવો બને ત્યારે જ નહીં, તેને રોકવા માટેની અને ન બને તે માટે જાગૃતિ લાવવાની જવાબદારી કામના સ્થળે માલિકો, વહિવટદારો, સરકારને આપવામાં આવી છે.
- આ કાયદા અંગેની તેમજ કાર્યસ્થળમાં બનેલ સમિતિ અંગેની માહિતિ સ્ત્રીઓ સહિત તમામ કર્મચારીઓ સુધી પહોંચાડવાની, જાહેર સ્થળે તેનું નિદર્શન કરવાની કાનુની જવાબદારી માલિકો- અધિકારીઓ- સંસ્થાના વડાઓ અને સરકારની છે.
- કાયદાની જોગવાઇઓ પ્રમાણે કામદાર કર્મચારીઓને જાગૃત તેમજ સંવેદનશીલ કરવા માટે નિયમિત શિબિરોનું આયોજન કરવાની જવાબદારી જે તે માલિકો-અધિકારીઓ-સંસ્થાના વડાઓ અને સરકારની છે.
- ફરિયાદ સમિતિના સભ્યોને તાલીમ, માહિતી, દસ્તાવેજોની જવાબદારી ઓફીસની છે.
- જો પિડિત સ્ત્રી પોલીસ ફરિયાદ કરવા માંગે તો તેને તે માટે મદદ કરવાની જવાબદારી પોલીસ અને ઓફીસની છે.

આ કાયદાની જોગવાઈ તમામ સરકારી-ખાનગી કારખાના-ઓફીસ- સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ અન્ય કામના સ્થળોને લાગુ પડે છે.

## પોંહરી આઈ પાણીયાળી ખાતે વિશ્વ મહિલાદિનની ઉજવણી

તા:04/03/2023 સંદેશ સમાચાર .

# સ્ત્રી સંગઠનના બે ગ્રુપના ૬૦૦ બહેનોની કાર્યક્રમમા ઉપસ્થિતી

### ભાવનગરના ૧૪ ગામોમાંથી સહેલી સ્ત્રી સંગઠનના ૪૦૦ સભ્યોની હાજરી



। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

સહિયર સ્ત્રી સંગઠન બરોડા તથા સહેલી સ્ત્રી સંગઠનના સંયુક્ત પ્રયાસથી ૮ માર્ચ મહિલા વિશ્વ દિનની ઉજવણી પોંહરી આઈ પાણીયાળી ખાતે કરવામાં આવી હતી. જેમા ભાવનગર વિસ્તારના ૧૪ ગામોમાંથી સહેલી સ્ત્રી સંગઠનના ૪૦૦ તથા બરોડા સહિયર સ્ત્રી સંગઠનના ૨૦૦ મળીને કુલ ૬૦૦ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સહેલી સ્ત્રી સંગઠનના જાગૃતિબેન ગોહિલ તથા સહિયર સ્ત્રી સંગઠનના રીટાબેન ચોકસીએ અધિકાર અંગે પ્રવચન આપ્યું હતુ. ભરતભાઈ જાંબુચાએ સહેલી સ્ત્રી સંગઠનની અત્યાર સુધીની પ્રવૃત્તિનું વિગતો આપીને કોળીયાક ખાતે બહેનોના સામાજિક, આર્થિક અને કાયદાકીય લગતા પ્રશ્નો માટે જરૂરી ટેકાઓ મળી રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલ મહિલા સહાય કેન્દ્રની વિગતવાર માહિતી આપી હતી. મહિલા અધિકારની જરૂરી ઉપયોગી માહિતીને લગતા વિવિધ નાટકો અને પપેટ શોએ કાર્યક્રમમાં આકર્ષણ જમાવ્યું હતું. સરકારી વિભાગો ૧૮૧ અભ્યમ, બાળ અધિકાર અને ૧૦૮ જેવા પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહીને બહેનોના હિતમાં વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી અને કાયદાકીય માહિતી પૂરી પાડી હતી.કાર્યક્રમનું સંચાલન સુનાંદબેંન એ કર્યું હતુ.

SANDESH

## ધાર્મિક-સામાજિક-સંસ્થાકિય ગતિવિધિઓ

# નારી અસ્મિતાને વાચા આપવા જાગૃતિ ગરબા



શહેરની સહિયર (સ્ત્રી સંગઠન) દ્વારા નારી અસ્મિતાને વાચા આપવા માટે જાગૃતિ ગરબાનું આયોજન શિવાંજલિ ફ્લેટ્સ, સાંઈધામ મંદિર, નવજીવન, આજવા રોડ ખાતે કરાયું હતું. જેમા મોટી સંખ્યામાં દરેક ધર્મની બહેનો અને બાળકોએ પોતાની આશા, આકાંક્ષા, સ્પંદનો અને શમણાને વાચા આપી પરંપરાગત નૃત્યનો આનંદ માણ્યો હતો. જાગૃતિ ગરબા દ્વારા સંસ્થાએ સમાજને એક કલાત્મક અભિગમનો સંદેશો પાઠવ્યો હતો.

# સહિયર દ્વારા મહિલા દિને જાગૃતિ રેલી યોજાઈ




સહિયર સ્ત્રી સંગઠન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે જાગૃતિ રેલી યોજાઈ હતી. રેલીમાં કબીરચોક, વુડાના મકાન, જય અંબેનગર, દાવડાનગર, કિસ્મત ચોક, રણછોડનગર, શાંતિનગર અને એકતાનગર બચત મંડળ તથા સંસ્થાની સ્વયંસેવિકાઓ સાથે કિશોર-કિશોરીઓ મળી ૩૦૦થી વધુ લોકો જોડાયા હતા. જે બાદ સંસ્થાની સ્વયંસેવિકાઓ દ્વારા મહિલા હિંસાના વિરોધમાં 'રોજ બને છે, દરરોજ બને છે' નાટક ભજવી જાગૃતિ ફેલાવી હતી. જે બાદ ગરબા રમાડાયા હતા.

## સહિયર સ્ત્રી-સંગઠન દ્વારા ૫ દિવસીય સમર કેમ્પનું આયોજન કરાયું

# વિદ્યાર્થિનીઓને આર્ટ એન્ડ ક્રાફ્ટ, મીમ મેકિંગ, પોસ્ટર-સ્લોગન સહિતની પ્રવૃત્તિઓ કરાવાઈ

**સંદેશ**

સહિયર સ્ત્રી સંગઠન દ્વારા તાજેતરમાં જ સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલી કિશોરીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સમક કેમ્પમાં જાગૃતિ ગીતો, શેરી નાટક, ગરબા, આર્ટ એન્ડ ક્રાફ્ટ, મીમ્સ મેકિંગ, પોસ્ટર અને સ્લોગન મેકિંગ સહિતની પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

પોતાના અનુભવો વિશે કિશોરીઓએ કહ્યું હતું કે, કેમ્પ દરમિયાન અમને નવી બહેનપણીઓ સાથે પોતાના વિચારો દર્શાવવાની તક મળી હતી. તે સિવાય અમને આર્ટ એન્ડ ક્રાફ્ટમાં પેપર બેગ, એન્વેલપ અને ડાયરી બનાવતાં શીખવવામાં આવ્યું હતું. ઉપરાંત અમને કારકિર્દી અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હજુ પણ સમાજમાં એવાં ઘણાં લોકો છે, જે પોતાની દીકરીઓના નાની ઉંમરે લગ્ન કરી દે છે. તેથી તેમને આગળ ભણવાની તક મળતી નથી. તેવાં વિષય પર કિશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, વિદ્યાર્થીનિઓએ સ્લોગન અને પોસ્ટર મેકિંગમાં સ્ત્રી સશક્તિકરણને લગતાં વિવિધ વિષયો આવરી લઈ પોતાના વિચારો કલાના માધ્યમથી રજુ કર્યાં હતા.







સમરકેમ્પમાં વિદ્યાર્થીઓને આર્ટ એન્ડ કાફ્ટમાં પેપર બેગ, એન્વેલપ અને ડાયરી જેવી અનેકવિધ વસ્તુઓ બનાવતાં શીખવવામાં આવ્યું હતું